# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2024** **MIDDAY : 2.30 to 2.35**

**Day: THRSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AHMEDABAD SHOPPING FESTIVAL

અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫નો લોગો, ટીઝર અને વેબસાઇટ સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માના હસ્તે લોન્ચ થઈ છે... મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૨ તારીખે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલને ખુલ્લો મુકાશે. જે ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે.

આ અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપતા મંત્રી જગદીશ  વિશ્વકર્મએ જણાવ્યું કે, આ ફેસ્ટિવલ ૪ મુખ્ય શોપિંગ ડિસ્ટ્રિક્ટ - સિંધુ ભવન રોડ, સીજી રોડ રોડ, નિકોલ મોડર્ન સ્ટ્રીટ, અને કાંકરિયા રામબાગ રોડ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ, માણેક ચોક, લો ગાર્ડન, ગુર્જરી બજાર, સાયન્સ સિટી, વસ્ત્રાપુર, પ્રહલાદ નગર રોડ અને શોપિંગ મોલ્સ સહિત ૧૪ નિયત હોટસ્પોટ્સ ખાતે યોજાશે.

આ ફેસ્ટિવલમાં ફૂડ ઝોન, શોપિંગ અને આર્ટિઝન ઝોન, મ્યુઝિક અને કલ્ચરલ એક્ટિવિટી ઝોન, સ્પોર્ટ્સ ઝોન અને એન્ટરટેનમેન્ટ ઝોન પણ જોવા મળશે.લાઇટ ટનલ, સેલ્ફી પોઇન્ટ્સ અને થીમ આધારિત લાઇટ ડેકોરેશન જેવાં વિશેષ સ્થાપનો પ્રદર્શિત કરવામાં આવશે.તો મુલાકાતીઓની સગવડ માટે એએમટીએસ ડબલ-ડેકર ઇલેક્ટ્રિક બસોને ઇવેન્ટ માટે દોડાવવામાં આવશે..

------------------------------------------------------------------

- માહિતી ખાતું / યશવી મહેતા -(NAVIN)

# GNR PADYATRA

ગાંધીનગર ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં વિકાસ સપ્તાહન અંતર્ગત વિકાસ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું... શહેરના ઘ-4 વિસ્ટા ગાર્ડન ખાતેથી મહાત્મા મંદિર સુધી પદયાત્રા યોજાઈ હતી.. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર મીરા પટેલ ધારાસભ્ય રીટાબેન પટેલ ધારાસભ્ય અલ્પેશ ઠાકોર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ કર્મચારીઓ મોટી સંખ્યામાં પદયાત્રામાં જોડાયા હતા.

(બાઈટ હર્ષ સંઘવી)

------------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર –હર્ષલ પંડ્યા

-(NAVIN)

# CM TATA SHRADHANJLI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને દેશના ઔદ્યોગિક નક્શે આગવું સ્થાન પામેલા ટાટા ગ્રુપના સ્વ. શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.. સ્વ. રતન ટાટાનું ગઈ મોડી રાત્રે અવસાન થયું છે. સ્વર્ગસ્થનો પાર્થિવ દેહ અંતિમ દર્શન માટે નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ લેન, નરીમાન પોઈન્ટ, મુંબઈ ખાતે રાખવામા આવ્યો છે. મુખ્યમંત્રીએ મુંબઈ પહોંચીને સ્વ. રતન ટાટાના પાર્થિવ દેહના દર્શન કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી-ગાંધીનગર

હર્ષલ પંડ્યા -(NAVIN)

# Navratri Eight DAY

આજે નવરાત્રિનો આઠમો દિવસ છે. આઠમની તિથિને દુર્ગાષ્ઠમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આજના દિવસે મા દુર્ગાનાં મહાગૌરી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે.

તેમની ઉંમર બાલીકા સ્વરૂપ આઠ વર્ષની માનવમાં આવે છે. માં નાં આભૂષણો અને વસ્ત્રો સફેદ છે. તેમનું વાહન વૃષભ છે. તેમનો ઉપરનો જમણો હાથ અભય મુદ્રામાં  છે, અને ડાબા હાથમાં વર મુદ્રા છે. તેમણે શિવજીને મેળવવા કઠોર તપ કર્યું હતું.

આજના દિવસે રાજ્ય જ નહીં દેશભરમાં દુર્ગા પંડાલોમાં માતાની વિશેષ પૂજા – અર્ચના કરવામાં આવે છે. તેમજ કન્યા પૂજન પણ આજના દિવસે જ કરવામાં આવે છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# DWARKA SEVA SETU

દેવભૂમિ દ્વારકા જિલ્લાના શામળાસર ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો..આ કાર્યક્રમમાં આવક, જાતિ, ક્રિમિલેયર, ડોમીસાઇલ, વરિષ્ઠ નાગરીક પ્રમાણપત્ર, દિવ્યાંગ પ્રમાણપત્રને લગતા દાખલાઓ સહિતની સેવાઓના લાભો સ્થળ ઊપર જ ઉપલબ્ધ કરવામાં આવ્યાં હતાં.

નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે આરોગ્ય કેમ્પ પણ યોજાયો હતો જેમાં નિઃશુલ્ક આરોગ્ય તપાસ તેમજ સલાહ અને દવાઓ આપવામાં આવી હતી.

-----------------------------------------------------------------------

- પીટીસી- દેવભૂમિ દ્વારકા – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# BOTAD CAMP

બોટાદ ખાતે “સ્વનિધી સે સમુદ્ધિ” કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૧૨૦થી વધુ ફેરીયાઓએ લાભ લીધો.. બોટાદ ખાતે પી.એમ.સ્વનિધી યોજના અન્વયે “સ્વનિધી સે સમુદ્ધિ” કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીડ બેંક, આરોગ્ય વિભાગ, ઈ-નિર્માણ કાર્ડ, પી.એમ. માનધન યોજના, પુરવઠા વિભાગ, ફોન-પે કંપની, “મૈ ભી ડીજીટલ” સહિતના વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લઇને જરૂરિયાતમંદ લોકોને માર્ગદર્શન આપ્યું હતું

કેમ્પમાં શહેરી ફેરીયાની લોનની કામગીરી કરવામાં આવી હતી. કેમ્પમાં ૧૨૦થી વધુ ફેરીયાઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

---

- પીટીસી- બોટાદ- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# school RE admission MAHESANA

મહેસાણાના વિજાપુર તાલુકા ના વડાસણ ગામમાં બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત 12 દીકરીઓનો શાળાઓમાં પુન પ્રવેશ કાર્યક્રમ જિલ્લા કલેકટર એમ.નાગરાજન ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

તેઓને ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનની ટીમ દ્વારા પુન પ્રવેશ કરાવી શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- ptc મહેસાણા / યશવી મહેતા

-(NAVIN)

# MAHISAGAR TAMNCHO

મહીસાગરના બાલાસિનોરમાંથી તમંચા સાથે બે ઈસમો ની ધરપકડ કરવામાં આવી હતી..મહીસાગર એસ.સો.જીની ટીમે રાજપુર ખાતે તમંચા સાથે ઈસમો ને દેશી બંધુક સાથે પકડી પાડયા..આ બંને ઇસમો શિકાર કરવા માટે તમંચો લઇને જતા હતા ત્યારે જ પોલીસે બંનેની ધરપકડ કરી હતી.વિજાપુરના આ બંને બંને ઇસમો સામે પોલીસે આર્મસ એકટ હેઠળ નો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

-----------------------------------------------------------------------

- પીટીસી- મહિસાગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................